(NITI Aayog Reg No. GJ/2021/0296924)

# DISTRICT TRAFFIC EDUCATION AND WELFARE SOCIETY

Azadi Ka Amrit Mahotsav

+91-9408635557, Tel: 0261-2992384 | e-mail: info.dtews@gmail.com

નં./માર્ગ સલામતી/ પ્લાનીંગ/શાળા-કોલેજો/સુરત/ઓન 107

તારીખ : ૦૬-૦૯-૨૦૨૨

**પ્રતિ,**

**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / આચાર્ય શ્રી, (માધ્યમિક અને ઉચ્ચતર મા.શાળાઓ)**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,**
**એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઇન્સ સુરત**

**વિષય: શાળા સલામતી અંતર્ગત માર્ગ સલામતિ - ટ્રાફિક એજ્યુકેશન અને જનજાગૃતી કાર્યક્રમનુ આયોજન કરવા બાબત.**

ઉપરોક્ત વિષયે જયભારત સહ જણાવવાનું કે આઝાદિના અમૃત મહોત્સવ અંતર્ગત ડિસ્ટ્રીક્ટ ટ્રાફીક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી દ્વારા "માર્ગ સલામતિ જનજાગૃતી " કાર્યક્રમો દર વર્ષે કરવામાં આવે છે. જેના ભાગરૂપે સુરત શહેરમાં આવેલ શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાહનચાલકો(ડ્રાઇવરો) માં "માર્ગ સલામતી"ની ભાવના પ્રબળ બને તથા ટ્રાફીકના નિયમોની જાણકારી-એજ્યુકેશન મળી રહે, તેમાટે દરેક શાળા-કોલેજોમાં "માર્ગ સલામતી-જનજાગ્રુતી" લાવવા સારૂ ટ્રાફીક નિયમોની સંપુર્ણ જાણકારીથી નવી યુવાપેઢી વાકેફ થાય, રોડ અકસ્માતોથી જાનહાની ઘટે તેવા શુભ હેતુસર દરેક માધ્યમિક અને ઉચ્ચતર માધ્મિક શાળાઓમા માં પાવરપોઇંટ પ્રદર્શીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે.

સદર કાર્યક્રમમાં સરકારશ્રીની રોડસેફ્ટી અંગેની યોજનાની માહીતી તેમજ હેલ્મેટ ન પહેરવાથી થતુ નુકશાન, સીટ બેલ્ટ, વાહનની ઓવર સ્પીડ, વાહન ચલાવતી વખતે ચાલુ ગાડીએ મોબાઇલ પર વાત કરવાથી તેમજ રોડક્રોસીંગ, ડ્રાઇવિંગ લાયસન્સની અગત્યતા, લાયસન્સ મેળવવાની ઑનલાઇન પ્રક્રીયાની સમજુતી તથા ગંભીર અકસ્માતોથી પોતાનું અને અન્યોનુ અમુલ્ય જીવન/જાનને બચાવી શકાય તેનું પ્રશિક્ષણ પુરુ પાડવામાં આવનાર છે. જેથી સુરત શહેરને એક્સિડેન્ટ ફ્રી શહેર બનાવવાનાની આ ઉમદા કામગીરીમાં સાથ-સહકાર આપવા નમ્ર વિનંતી છે.

આ કાર્યક્રમનુ આયોજન અસરકારક થાય તે માટે તમામ શાળા-કોલેજોમાં એક અનુકુળ તારીખ અને સમય આ સાથે આપેલ નંબર પર જાણ કરવી તેમજ વધુ માહિતીની જરૂર પડેતો શ્રી બ્રિજેશ એમ.વર્મા. મો.નં. ૯૭૨૪૨૭૭૭૭૧ (રોડ સેફ્ટી ટ્રેઇનર અને કોર્ડીનેટર રોડસેફ્ટી કાઉન્સીલ સુરત શહેર ગ્રામ્ય) ખાતે સંપર્ક કરવા વિનંતી છે."આપના સહકારની અપેક્ષા સહ"

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત

DISTRICT TRAFFIC EDUCATION AND WELFARE SOCIETY
D.T.E.W.S.
SURAT

(બ્રિજેશ એમ. વર્મા)
ડિસ્ટ્રીક્ટ ટ્રાફીક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી. અને
રોડ સેફ્ટી કાઉન્સીલના સભ્ય તેમજ રોડ સેફ્ટી ટ્રેઇનર
અને કોર્ડીનેટર સુરત શહેર અને ગ્રામ્ય.
મો.નં. 9724277771